શરીરને પ્રવૃત્ત રાખો, મન આપોઆપ, પ્રસન્ન રહેશે
- પ્લુટાક

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૬૫ | ૧૬ મે, ૨૦૧૩, ગુરૂવાર; વૈશાખ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરમાં આરોગ્યતંત્ર ગંદકી સામે લાલઘુમ

## શહેરમાં શેરડીના વીસ કોલાવાળાઓને નોટીસ ફટકારાઈ : સંભવિત રોગચાળા સંદર્ભે રોગ નિયંત્રણની કામગીરી હાથ ધરાઈ

ગાંધીનગર, તા. ૧૫
ગાંધીનગર શહેરમાં ૨૦ જેટલા શેરડીના કોલાવાળાઓને આરોગ્યતંત્ર દ્વારા સ્વચ્છતાના મુદ્દે નોટીસો આપવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં ઉનાળાની મોસમને લઈ કોલાવાળાઓ દ્વારા શેરડીના રસનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. આ કોલા પર સ્વચ્છતા જાળવવા તેમજ ખુલ્લામાં રસ નહિ રાખવા માટે તંત્ર દ્વારા કડક તાકીદ કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે ત્યારે સંભવિત રોગચાળાની સ્થિતિને લક્ષમાં રાખી અત્યારથી જ રોગ નિયંત્રણની કામગીરી હાથ ધરવામાં આવી છે. ગઈકાલે પણ મ્યુનિ. કમિશનરશ્રીએ આ અંગે સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે બેઠક યોજી અને ચોમાસા માટે આગોતરૂ આયોજન ત્રણ જ દિવસમાં કરી આપવા માટે જણાવ્યું છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની ક્લોરીનેશન માટે પણ કડક તાકીદ કમિશનરશ્રીએ કરી હતી.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર શહેરમાં સેરડીના કોલાવાળાઓની તંત્ર દ્વારા પ્રથમ મુલાકાતનો તબક્કો પૂરો થયો છે. અને તેમાં પગલાંઓ ભરવા માટે આ કોલાધારકોને જણાવવામાં આવ્યું હતું. આ પછી બીજા તબક્કામાં પણ પગલાં ન લેવાયાનું જણાતાં તેમને નોટીસો આપવામાં આવી છે.

મહાનગરપાલિકાના તંત્ર દ્વારા દર સપ્તાહે આ કોલાવાળાઓની મુલાકાત લઈ અને તેનો અહેવાલ આસિ. મ્યુનિ. કમિશનરશ્રીને લેખિતમાં આપવા તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત અખાદ્ય વસ્તુઓનું જાહેરમાં વેચાણ થતુ હોય તો તેની જાણ પણ તાત્કાલિક કરવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં આગામી દિવસોમાં સફાઈ અભિયાન સઘન બનાવવામાં આવશે તેવા સંકેતો પણ તંત્રના સૂત્રોમાંથી સાંપડી રહ્યા છે.

# ગાંધીનગરમાં કાળઝાળ ગરમી



(તસવીર : દિપક જાની)

## પાટનગર આકરી ગરમીમાં અકળાયું : માર્ગો પર કરફ્યું જેવી સ્થિતિ : બજારો સુમસામ

ગાંધીનગર, તા. ૧૫
ગરમી પારો ફરી તેની મહત્તમ ઉંચાઈ સુધી પહોંચી રહ્યો છે. ત્રણ દિવસમાં જ મહત્તમ તાપમાન ત્રણેક ડીગ્રી જેટલું વધીને આજે ૪૨.૫ ડિ.સે. સુધી પહોંચતા ભારે ગરમીની અસર જનજીવન પર દેખાઈ રહી છે.

આખો દિવસ અને રાત ગરમીથી તો ભઈ તોબા એવું બોલાવ તેવી આકરી ગરમી છેલ્લા બે-ત્રણ દિવસોથી પડી રહી છે. મહત્તમ તાપમાન રોજબરોજ વધતુ જાય છે. આકાશમાંથી અંગારા વરસતા હોય તેવી આકરી ગરમી પડી રહી છે. ઉનાળો હવે ખરા અર્થમાં અકળાવી રહ્યો છે. વહેલી સવારથી જ આકરો તડકો પડવાની શરૂઆત થઈ જાય છે. બપોરે ૧૧-૧૨ વાગ્યા પછી તો શહેરમાં જાણે સ્વયંભૂ કરફ્યુ લદાઈ જાય છે. પશુ-પંખીઓ સહિત સમગ્ર માનવજાત જાણે ગરમીથી લાચાર થઈ ઓછી ગરમી લાગે તેવી જગ્યા શોધવા માંડે છે. વસાહતીઓ પંખા, કુલર અને એ.સી. ચાલુ કરી ઘરમાં અને ઓફિસોમાં ભરાઈ રહે છે. તો પશુપંખીઓ વૃક્ષનો છાંયડો અને પાણી હોય તેવું સ્થળ શોધી તેની આસપાસ બેસી રહે છે. વૃક્ષોના પાંદડાઓ પણ ગરમીના કારણે ચીમળાઈ ગયેલા નજરે પડે છે. માર્ગો પર અવરજવર સાવ ઓછી થઈ ગઈ છે. જે વાહનચાલકો અને રાહદારીઓ બહાર જોવા મળે છે તેઓ પણ ટોપી, સ્કાફ અને રૂમાલ બાંધી ગરમી-લુ થી બચવાનો પ્રયાસ કરતા નજરે પડી રહ્યા છે. બજારો પણ ગ્રાહકોની અવરજવર વીનાના સાવ સુમસામ દેખાઈ રહ્યા છે. આગામી દિવસોમાં હજુ પારો ઉંચો જાય તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.

**પારો ૪૨.૫ ડિગ્રી**



તીવ્ર ગરમીનું મોજુ ફેલાયેલું છે ત્યારે અબોલા પક્ષીઓને પીવાનું પાણી સરળતાથી મળે તે માટે કુંડાઓનું વિતરણ સાબરમતી વિસ્તારમાં કરાયુ હતુ

# તબીબી અભ્યાસક્રમો માટે નવી પ્રવેશનીતિ

## તબીબી અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ધોરણ-૧૧ અને ૧૨ના ચાર સેમેસ્ટરના ફીઝીક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી વિષયોની થીયરીના કુલ ગુણના ૬૦ ટકા અને ગુજકેટ-૨૦૧૩ના કુલ ગુણના ૪૦ ટકાના ધોરણે પ્રવેશ અપાશે

ગાંધીનગર, તા. ૧૫
રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, ગુજરાતના વિદ્યાર્થીઓને તબીબી અભ્યાસક્રમોમાં સમયસર પ્રવેશ મળે તે માટે રાજ્ય સરકારે કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ આપવાનું આયોજન કર્યું છે, જેમાં મેડીકલ-પેરામેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ધોરણ-૧૧ અને ૧૨ના ચાર સેમેસ્ટરના ફીઝીક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી વિષયોની થીયરીના કુલ ગુણના ૬૦ ટકા અને ગુજકેટ-૨૦૧૩ના કુલ ગુણના ૪૦ ટકાના ધોરણે પ્રવેશ અપાશે.

શ્રી પટેલે ઉમેર્યું કે, ચાલુ વર્ષે મેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે લેવાયેલ એન્ટ્રન્સ પરીક્ષાના પરીણામ જાહેર કરવા સુપ્રિમ કોર્ટ દ્વારા પણ પરવાનગી અપાઈ છે તે મુજબ જ પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે. આ પ્રવેશ અંગેની કાર્યવાહી કેન્દ્રીય પ્રવેશ સમિતિ બી.જે. મેડીકલ કોલેજ અમદાવાદ ખાતેથી હાથ ધરાશે. ગુજકેટ-૨૦૧૩નું પરીણામ તા. ૨૦-૫-૨૦૧૩ સુધીમાં જાહેર થયા બાદ પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા મેડીકલ, ડેન્ટલ, ફીઝીયોથેરાપી, આયુર્વેદ, હોમીયોપેથી, નર્સીંગ, પ્રોસ્થેટીક્સ, ઓર્થોટીક્સ, નેચરોપેથી અને ઓડીયોલોજી અભ્યાસક્રમોમાં સ્નાતક (યુ.જી.) કક્ષાએ પ્રવેશ અંગેની કાર્યવાહી હાથ ધરાશે. જેમાં ૬ સરકારી મેડીકલ કોલેજોમાં કુલ ૧૦૮૦ બેઠકો, રાજ્ય સરકાર દ્વારા સંચાલિત સોસાયટીની ૫ મેડીકલ કોલેજોમાં કુલ ૭૫૦ બેઠકો, મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ૩ મેડીકલ કોલેજોમાં કુલ ૪૫૦ બેઠકો અને ૪ ખાનગી મેડીકલ મેડીકલ કોલેજોની કુલ ૫૦૦ બેઠકો, ઉપરાંત ૨ સરકારી ડેન્ટલ કોલેજોમાં કુલ ૨૦૦ બેઠકો, રાજ્ય સરકાર દ્વારા સંચાલિત સોસાયટીની ૧ ડેન્ટલ કોલેજમાં કુલ ૧૦૦ બેઠકો, મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ૧ ડેન્ટલ કોલેજમાં કુલ ૧૦૦ બેઠકો અને ૮ ખાનગી ડેન્ટલ કોલેજોમાં કુલ ૭૪૦ બેઠકો ઉપર તેમજ ફીઝીયોથેરાપીની ૧૩૨૫ બેઠકો, બીએસસી નર્સીંગની ૧૬૧૫ બેઠકો, આયુર્વેદીકની ૩૧૦ બેઠકો, હોમીયોપેથીકની ૧૬૨૫ બેઠકો ગુજરાત રાજ્યમાં મેડીકલ/પેરામેડીકલ કોર્ષ માટે ઉપલબ્ધ છે જેની પ્રવેશ પ્રક્રિયા મેરીટના ધોરણે હાથ ધરાશે. તેમજ પ્રવેશ માટેનો કાર્યક્રમ અલગથી કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા અલગથી જાહેર કરવામાં આવશે.

મંત્રીશ્રી પટેલે આ અંગે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર પદ્ધતિ દાખલ થયા પહેલાંના વર્ષનાં વિદ્યાર્થીઓ કે જેઓએ ગુજકેટ-૨૦૧૩ની પરીક્ષા આપેલ હોય તેવા વિદ્યાર્થીઓ માટે મેડીકલ અને પેરામેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવા ધોરણ:૧૨ની પાસ કરેલ પરીક્ષામાં મેળવેલ ફીઝીક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી વિષયોની થીયરીના માર્કસના ૬૦ ટકાનું વેઈટેઝ તેમજ ગુજકેટ ૨૦૧૩ની પરીક્ષામાં મેળવેલ માર્કસનાં ૪૦ ટકાનું વેઈટેઝ ગણતરીમાં લેવાશે. સરકારી મેડીકલ કોલેજો ખાતે એમ.બી.બી.એસ. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર

● અનુસંધાન પાન-૭ પર

**ગુજકેટનું પરિણામ ૨૦મી મેના રોજ : સરકારી કૉલેજમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ ત્રણ વર્ષ માટે ગ્રામ્ય વિસ્તારમાં સેવા આપવા પાંચ લાખ રૂપિયાના બોન્ડ અનિવાર્ય : સરકારી કૉલેજમાં પી. જી. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી પાસેથી સરકારી હૉસ્પિટલમાં ત્રણ વર્ષ સેવા માટે ૧૦ લાખના બૉન્ડ અનિવાર્ય**

# પેટા ચૂંટણીમાં ૭૨ ઉમેદવારીપત્રો

## ઉમેદવારી પત્રો ભરવા માટેના છેલ્લા દિવસે વધુ ૪૭ ઉમેદવારી પત્રો ભરાયા

ગાંધીનગર, તા.૧૫
ગુજરાતમાં લોકસભાની બે અને વિધાનસભાની ચાર બેઠકો માટે તા. ૨જી જૂનના રોજ યોજાનારી ચૂંટણીના ઉમેદવારી પત્ર ભરવાના આજે છેલ્લા દિવસે વધુ ૪૭ સહિત અત્યારે સુધી કુલ ૭૨ ઉમેદવારી પત્રો ભરાયા હતા. આવતીકાલે તા. ૧૬મી ગુરૂવારે ઉમેદવારી પત્રોની ચકાસણી કરાશે અને ૧૮મી મે શનિવારે ઉમેદવારી પાછા ખેંચવાનો છેલ્લો દિવસ પસાર થયા બાદ ચૂંટણી પ્રચારમાં ગતિ આપશે. ઉમેદવારી પત્રો ભરવાના આજે છેલ્લા દિવસે બનાસકાંઠા લોકસબાની બેઠક પરથી વધુ ૧૪ ફોર્મ ભરાયા હતા. જ્યારે પોરબંદર લોકસભાની બેઠક પરથી સાત ઉમેદવારી પત્રો ભરાયા હતા. તેવી જ રીતે વિધાનસભાની લીંબડી બેઠક પરથી આજે સહુથી વધુ ૧૬ ફોર્મ જેતપુરની બેઠક પરથી ચાર ધોરાજીની બેઠક માટે પાંચ અને મોરવા હડફની બેઠક માટે આજે અંતિમ દિવસે માત્ર એક જ ફોર્મ ભરાયું હતું. આ તમામ બેઠકો પરથી ગઈકાલે મંગળવાર સુધીમાં ૨૫ ઉમેદવારી પત્રો ભરાતા અંતિમ દિવસ સુધી કુલ ૭૨ ઉમેદવારી પત્રો ભરાયા હોવાનું ચૂંટણી પંચે જણાવ્યું હતું.

# જીપીએસસીની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરાશે

## યુપીએસસી પેટર્ન દાખલ કરવાની આયોગની વિચારણા

ગાંધીનગર, તા.૧૫
ગુજરાત સરકારે કર્મચારીઓની ભરતી કરવા માટે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન જેવી પેટર્ન મુજબ પરીક્ષા પદ્ધતિ દાખલ કરવાની વિચારણા હાથ ધરી છે, જેના આધારે ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનને તેની ભરતી -ક્રિયા બદલવા માટે આગ્રહ કરાશે. સરકારી નોકરીઓમાં આ પદ્ધતિ દાખલ થતાં ઉમેદવારોને નોકરી આપવા માટેની -ક્રિયામાં પારદર્શિતા અને ઝડપ લાવી શકાશે.

રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગે તાજેતરમાં ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (જીપીએસસી) મારફતે સિલેક્ટ થયેલા ૨૫૦ જેટલા નાયબ સેક્સન ઓફિસર અને સેક્સન ઓફિસરો પાસેથી પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવા અંગેના લેખિત સૂચનો માગ્યા હતા, જેમાં પેપરની સ્ટાઈલ, પદ્ધતિના સુધારા, પરીક્ષાની ભાષા, માર્કસ આપવાની પદ્ધિત તેમજ ઈન્ટરવ્યુમાં દાખલ કરવાના મુદ્દાઓ સહિતના અભિ-ાયો પૂછ્યા હતા.

યુપીએસસી પરીક્ષામાં તાજેતરમાં ભાષાનો વિવાદ સર્જાયો હતો પરંતુ વિરોધ થતાં યથાવત સ્થિતિ જાળવી રાખવામાં આવી છે, જેની સામે જીપીએસસીની પરીક્ષામાં બદલાવની દિશા ગુજરાતે પકડી છે. અનુભવે એવું જણાયું છે કે જીપીએસસીની પરીક્ષા કોમ્પ્લિકેટેડ છે અને પરિણામ મોડાં જાહેર થાય છે. ભરતી કરવામાં પણ વિલંબ થાય છે ત્યારે વહીવટી સુધારણાના ભાગરૂપે રાજય સરકારે આ નવો -યોગ હાથ ધર્યો છે.

જીપીએસસી હાલ વર્ગ-૧ અને વર્ગ-૨ની ભરતી માટે પરીક્ષા યોજે છે. સરકારનો ઈરાદો ઝડપી પરિણામ લાવવાનો છે અને ઉત્કૃષ્ઠ માનવબળ મળે તે માટે સુધારો કરવાનો છે. આ માટે સરકારે યુપીએસસીની પેટર્નનો પણ અભ્યાસ કર્યો છે. ભારતના બીજા રાજયોમાં કેવી પદ્ધિત છે તેની જાણકારી પણ મેળવાઈ છે.

**હવે નિવૃત્ત થતાં કર્મચારીઓની સંખ્યા**

| | |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૧૮૩૪૪ |
| ૨૦૧૪-૧૫ | ૧૮૬૩૬ |
| ૨૦૧૫-૧૬ | ૧૮૮૮૪ |
| ૨૦૧૬-૧૭ | ૧૮૬૩૩ |
| ૨૦૧૭-૧૮ | ૧૯૪૨૯ |

સામાન્ય વહીવટ વિભાગ (સેવા) ના સેક્રેટરી ધનજયંત દ્વિવેદીને પૂછતાં તેમણે કહ્યું હતું કે જીપીએસસીમાં સિલેક્ટ થયેલા અને સરકારી નોકરી કરતા કર્મચારીઓ પાસેથી સર્વેક્ષણ કરાવ્યું છે જેનો હાલ અભ્યાસ ચાલી રહ્યો છે. સુધારો કરવો કે નહીં તેનો આખરી નિર્ણય સરકારે કરવાનો છે.

ગુજરાત સચિવાલય ફેડરેશનના -સિડેન્ટ મનુભાઈ પટેલે આ સુધારા અંગે કહ્યું હતું કે જીપીએસસીમાં સરકાર અંગ્રેજીમાં પરીક્ષા લેવા માગે છે જે ગુજરાતી યુવાનો માટે અન્યાયકર્તા હશે. સરકારે જો સુધારણા કરવી હોય તો જીપીએસસીની લેખિત પરીક્ષા ઓનલાઈન લેવી જોઈએ અને મૌખિક ઈન્ટરવ્યુમાં પેન્સીલથી માર્કિંગ કરવાની જગ્યાએ પેન વાપરવી જોઈએ.

ગુજરાતમાં જીપીએસસીની રચના ૧લી મે-૧૯૬૦મા કરવામાં આવી હતી.

સીધી ભરતીમાં રૂબરૂ મુલાકાત અને -ાથમિક કસોટી હોય છે ત્યારે સ્પર્ધાત્મક પરીક્ષામાં ૨૦ -કારની જગ્યાઓ માટે લેખિત પરીક્ષા અને રૂબરૂ મુલાકાત લેવાય છે.

ગુજરાતમાં એક તરફ નિવૃત્તિની સંખ્યા વધતી જાય છે ત્યારે સરકારી નોકરીમાં ભરતી કરવા માટે સરકારે પારદર્શક નિતી દાખલ કરવાનું નક્કી કર્યુ છે. ૨૦૦૬ થી ૨૦૧૨ સુધીમાં ૮૦ હજાર કરતાં વધારે કર્મચારી વય નિવૃત્ત થઈ ગયા છે જયારે આવનારા સાત વર્ષમાં તેનાથી બમણા કર્મચારીઓ નિવૃત્ત થશે.